June 2017

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 11 ● Issue 8 / 125
● Mumbai ● Page 16 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

પાટણ વાસુપૂજ્યની શેરીના **શ્રી મહાસુખભાઈ પોપટલાલ શાહ (બચુભાઈ)** ગત ૧૩ વર્ષથી લહીયાઓ પાસે શ્રુત લેખનનું કાર્ય કરાવી રહ્યા છે. પૂજ્ય આચાર્યદેવ પૂર્ણ ચંદ્રસૂરીશ્વરજી આ પૂ. યુગચંદ્રસૂરીશ્વરજી મહારાજના માર્ગદર્શન હેઠળ શ્રી બચુભાઈના પ્રમુખસ્થાને **પ્રવચન શ્રુત તીર્થ ટ્રસ્ટ** દ્વારા શંખેશ્વર ખાતે શ્રુતમંદિરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

તેમના મહત્વના સુકૃતોમાં **Each One Teach One** સંસ્થા દ્વારા શિક્ષણ પ્રસાર, પાટણ ખાતે સ્વ દ્રવ્યે ત્રિશિખરીય જિનાલય નિર્માણ, પાટણ ખાતે જીવદયા, સાધર્મિક સહાય અને અનુકંપા દાન છે. તેઓ શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત સિદ્ધહેમ જ્ઞાનપીઠમાં સક્રીય છે. શ્રી બચુભાઈ આ પ્રકારની અનેક સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને પ્રવૃત્તિઓમાં સેવા ભાવથી સમર્પિત થઈ કાર્ય કરી રહ્યા છે. તેને અનુલક્ષીને શ્રી પાટણ જૈન મંડળે તા. ૧૮-૬-૨૦૧૭ને દિવસે **''પાટણ રત્ન''**થી વિભુષિત કરી તેમનું સમયોચિત સન્માન કર્યું છે.

વિદ્યાર્થીઓની પરીક્ષાના પરિણામ આવવાની શરૂઆત થઈ ગઈ છે, સારા માર્કસ સાથે સફળ થયેલ વિદ્યાર્થીઓને મારા હાર્દિક અભિનંદન. સમાજના જે પણ વિદ્યાર્થીને ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન કે દેશ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવો હોય તેવા વિદ્યાર્થીઓને મંડળ શક્ય તે તમામ સહાય આપશે. આપ શ્રી પાટણ જૈન મંડળની શિક્ષણ સમિતિના મંત્રીઓનો સંપર્ક કરી શકો છો.

તા. ૧૦-૯-૨૦૧૭ને દિને આપણે **તૃતિય ટ્રેડફેરનું** આયોજન કરી રહ્યા છીએ. આપ સૌને મારી ખાસ અપીલ છે કે, પાટણ સમાજના તમામ પરિવારો આ ટ્રેડફેરના માધ્યમનો પરસ્પર સંબંધ વિકસાવીને વ્યાવસાયિક પ્રગતિ કરીએ. આપ આપના પરિવારના સભ્યો, મિત્રોને ટ્રેડફેરમાં ભાગ લેવા જણાવશો.

પાટણમાં આપણી શાળાના વિદ્યાર્થીઓ ફાઈનલ પરીક્ષામાં ખૂબજ ઉચ્ચ ગુણાંકથી રાજ્યમાં અગ્રતા ક્રમે ઉત્તીર્ણ થયા છે તે ગૌરવ લેવા જેવી વાત છે. આપ સૌને જાણ છે કે, રમતગમતના ક્ષેત્રે આપણી શાળાનું નામ રાજ્ય સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે આગળ છે. શાળાના આચાર્ય, સ્ટાફ તથા વિદ્યાર્થીઓને મારા અભિનંદન.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

## From President's Desk...

Since the past 13 years Shri Mahasukhbhai (Bachubhai) Popatlal Shah of Vasupujyani Sheri had started the noble and visionary task of **"Shrut Lekhan"** by Special Calligraphers. With the guidance of Respected Acharyadev Purna Chandrasuriswarji and Acharya Shri Yugchandra Suriswarji Maharaj Saheb, Shri Bachubhai is helming the project of the construction of **"Shrut Mandir"** at Shankheshwar through **"Pravachan Shrut Tirth Trust."**

Since many years Shri Bachubhai has been working for Sadharmik Welfare, Jivdaya and various Social, Educational and Religious causes. His foundation **"Each One, Teach One"** has helped with the education of underprivilege children across all castes. He has been actively involved in the activities of Siddh Hem Gyanpith Patan. Witnessing his countless selfless endeavours, on 18th June, 2017 Shree Patan Jain Mandal aptly honoured him with the **"Patan Ratna"** Award.

On 10-9-2017 we have organised the **3rd Trade Fair.** I request and appeal to all the members to use this platform for their Professional / Business growth.

I would like to congratulate all the students who have successfully cleared their examinations. The students of B.D. High School - Patan have excelled in these exams as well by achieving positions in the Gujarat Merit List. They have also represented the school in various sports events at the State and National level Competition. I would like to Congratulate the Principal, Staff and all the students of B.D. High School, Patan for their outstanding performance.

❑ **Dinesh Shantilal Shah**

**Tremendous Response for stall booking**
**With more request to extend booking date**
**due to GST last date will be 20th July 2017**

# SHREE PATAN JAIN MANDAL

*Presents*

# TRADE FAIR
## EXHIBITION

**Sunday, 10th September 2017**
**10.00 am to 8.00 pm**

*

**Venue: HOTEL SAHARA STAR**
Vile Parle (East)

**TRADE FAIR**
*Highlights*

185+ STALLS
Fashion,
Home Decor,
Health, Gift, Finance
Food, Services etc.

*

6000+ VISITORS

*

40000 Sq. ft. Hall
without pillar,
Fully high quality AC
Spacious Hall

*

Lucky Draw
for Visitors

Complimentary
Water/Tea/Coffee

## STRONG PILLARS *of* TRADE FAIR

*

**BHAGVATIBEN KANTILAL SALVI**
Salvi Wado
**By: SHRI HEMANTBHAI SHAH**

**TEJAL RAJU (BELTAJ) SHAH**
Polni Sheri
**Antwerp, Belgium**

**SOMIRA DIAM. PVT. LTD**
Keshusethno Pado
**By: SONAL SANDEEP SHAH AND KAUSHAL JANAK SHAH**

**BHAGVATIBEN VINODCHANDRA SHAH**
(MATLIWALA) Kanasano Pado
**By: SHRI DANESH, BHAGYESH, SUKESH, DHIREN**

**TRADE 3 FAIR**

# શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન

જૈન ધર્મનો ઈતિહાસ ગૌરવવંતો તેમજ અત્યંત ઉજ્જવળ છે. ધાર્મિક ક્ષેત્રે જૈન ધર્મનું અનન્ય પ્રદાન છે. તેવી જ રીતે સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ વિશિષ્ટ પ્રદાન છે. પ્રાચીનકાળથી જ જૈન ધર્મે માનવજીવન ઉપર અમીટ છાપ પાડી છે તેનો ઈતિહાસ આશ્ચર્યજનક તેમજ રોચક છે. આ ઈતિહાસ પ્રત્યેક જૈનને જાણવા જેવો છે. ઈતિહાસનું જ્ઞાન ભાવિ પેઢીના નિર્માણમાં પાયાનું કામ કરે છે. જે પોતાના ધર્મના ઈતિહાસને જાણે છે તે જ ઉત્તમ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે. આથી શ્રી પાટણ જૈન મંડળ દ્વારા નીચે મુજબ એક વ્યાખ્યાન યોજાનાર છે.

**રવિવાર, તા. ૧૩-૮-૨૦૧૭**

| | | |
|---|---|---|
| સમય | : | સવારે ૧૦.૦૦ કલાકે |
| વિષય | : | ''જૈનધર્મની ગૌરવવાથા'' |
| વક્તા | : | ડૉ. જીતેન્દ્રભાઈ શાહ, Director of L D Institute of Indology, Ahmedabad |
| સ્થળ | : | હિન્દી વિદ્યાભવન સભાગૃહ ૭૯, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦ |

# Shri Popatlal Bhikhachand Smruti Vyakhyan

Date : Sunday, 13th August, 2017

**Time : 10.00 am**

**Speaker : Dr. Jitendrabhai Shah**

Director of

**L D Institute of Indology, Ahmedabad.**

**Sub : "Jain Dharm ni Gaurav Gatha"**

**Venue :**
**Hindi Vidya Bhavan School, Marine Drive**

We have unique opportunity to hear **Dr. Jitendrabhai Shah** who is most renowned Scholar of Jainism. He is specially coming from Ahmedabad.

This is a lifetime opportunity to hear him and we should not miss this.

## જૈન ધર્મની ગૌરવ ગાથા

આ અવસર્પિણીકાળના પ્રથમ તીર્થંકર ઋષભદેવ પરમાત્માએ શરૂઆતમાં માનવજગતના કલ્યાણ અર્થે અસિ, મસિ, કૃષિની વિદ્યા શીખવી. જીવનના ઉત્કર્ષ માટે વિવિધ કલાઓનું જ્ઞાન આપ્યું તથા પોતાની બે પુત્રીઓમાંથી બ્રાહ્મીને લેખનકળા શીખવાડેલ જેથી ભારતની પ્રાચીન લિપિનું નામ બ્રાહ્મી પડ્યું. સુંદરીને ગણીત શીખવાડ્યુ. તેઓના પ્રથમ પુત્રના નામ ઉપરથી જ ભારત દેશનું નામાભિધાન થયું. પ્રથમ નરેશ્વર અને પ્રથમ અપરિગ્રહી તરીકે તેમનું નામ સદાય અંકિત થયેલું છે. તેમના પછી અન્ય તીર્થંકર પરમાત્માઓએ નિવૃત્તિમાર્ગનો ઉપદેશ આપી શ્રમણ પરંપરાની ગંગાને સતત વહાવી છે.

મહાવીર સ્વામીના સમયથી લઈને અત્યાર સુધી અનેક મહાત્માઓ, મહાસતીઓએ દેશની સંસ્કૃતિ ઉપર અમીટ પ્રભાવ પાડ્યો છે. દેશમાં અહિંસાના સિદ્ધાન્તનો સહુથી વધુ પ્રચાર-પ્રસાર જૈનધર્મ દ્વારા થયો છે. ભારતની આઝાદીના સૂત્રધાર રાષ્ટ્રપિતા ગાંધીજીને પણ અહિંસાનો સિદ્ધાન્ત જૈનધર્મ પાસેથી પ્રાપ્ત થયો. સત્યાગ્રહની વાત પણ જૈનધર્મ પાસેથી મળી, **અકબર બાદશાહને મહાન જૈન આચાર્ય હીરવિજયસૂરિએ અહિંસક બનાવ્યો અને જૈનધર્મ પ્રત્યે અનુરાગી બનાવ્યો.** રાજા કુમારપાળને પરમાર્હત્નું બિરૂદ પ્રાપ્ત થયું તેમાં તેમના ગુરુ કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિનું મહત્વનું યોગદાન છે. સમયે સમયે જૈનાચાર્યોએ અને જૈન શ્રેષ્ઠીઓએ સમાજ પર ઘણો જ પ્રભાવ પાડ્યો છે. તેનાથી જૈનધર્મની ગૌરવગાથા હંમેશા દિગદિગંત સુધી ફેલાતી રહી. આ ગૌરવગાથાનો સાચા અર્થમાં બોધ થાય અને વર્તમાન પેઢી તથા ભાવિ પેઢીને માર્ગદર્શન મળે તે માટે આ વર્ષે જૈન ધર્મની ગોરવગાથા વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.

''**જૈનધર્મની ગૌરવવાથા**''ના વ્યાખ્યાતા, જાણીતા **વિદ્વાન પ્રો. જિતેન્દ્ર શાહ** જૈનધર્મની સુપ્રસિદ્ધ સંશોધન સંસ્થા લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદના નિયામક છે, તેમણે દેશ-વિદેશમાં જૈનધર્મ ઉપર અનેક વ્યાખ્યાનો આપ્યા છે.

❑ **પ્રોગ્રામ સમિતિ**

## તંત્રી સ્થાનેથી...

# ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ

તા. ૧ જૂલાઈથી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ (જી.એસ.ટી.)નો અમલ સમગ્ર રાષ્ટ્રમાં શરૂ થઈ જશે. દેશના જુદા જુદા રાજ્યોમાં હવેથી સમાન ટેક્ષ લાગશે. સામાન્ય વપરાશની મોટાભાગની વસ્તુઓની કિંમતોને ઓછી કરવા હેતુ સરકાર દ્વારા સીંગલ ટેક્ષ સિસ્ટમ શરૂ થશે. રાજ્યોમાં જુદા જુદા પક્ષોની સરકારો છે, છતાં સૌ જીએસટી બાબત સંમ્મત થયા છે તેને આપણી લોકશાહીનું ઉજળું પાસુ લેખાવી શકાય. દેશભરમાં સમાન કરવેરાના દર રહેશે એટલે વ્યાપાર ધંધા તેમજ ઉદ્યોગોને માટે સંચાલન સરળ બનશે. દેશનાં રોકાણકારોને માટે દરેક રાજ્યમાં સમાન ટેક્ષ હોવાથી સમગ્ર દેશનું અર્થતંત્ર ધમધમતું થશે આ બધી લાંબાગાળાની ઉપલબ્ધિની વાતો છે. કેન્દ્રના વાણિજ્ય મંત્રાલયનું અનુમાન છે કે જી.એસ.ટી. લાગુ પડ્યા બાદ વિવિધ કરવેરાની માઠી અસરો (ભ્રષ્ટાચાર) ઓછી થશે, ખર્ચ ઘટશે તેથી નિકાસ (Export) વધારે સ્પર્ધાત્મક (Competitive) બનશે અને એકંદરે ધંધા-વ્યાપાર વધશે.

પ્રારંભિક તકલીફો ઘણી રહેશે, લગભગ બે મહિના સુધી શાસકોએ પણ સંવેદનશીલ રહી વાસ્તવિક તકલીફો દૂર કરવા સચેત રહેવું પડશે. અગાઉ વેટ રીફંડ લેવા સરકારી કર્મચારીઓને ''દક્ષિણા'' આપવી પડતી હતી હવે કાયદા કડક થયા હોવાથી સરકારી બાબુઓની સત્તા વધી છે અને માલના ઉત્પાદકો તેમજ વ્યાપારીઓના લાઈસંસો રદ્દ કરવા સુધીના પગલા તેઓ લઈ શકે છે. કરવેરા અધિકારીને વધુ પડતી સત્તા મળી જશે એવો ભય પણ વ્યાપાર જગતમાં છે.

નાના વ્યાપારીઓને 'સીસ્ટમ'માં આવતા સમય લાગશે. સરકારે અગમચેતી વાપરી છેલ્લા કેટલાક વખતથી વ્યાપારી જગતને નવી પદ્ધતિથી વાકેફ કરવા જુદે જુદે ઠેકાણે સેમીનારો તેમજ મીટીંગો રાખી વસ્તુ સ્થિતિ સરળ કરવા પ્રયત્નો કર્યા છે, પણ છેલ્લી ઘડી સુધી ટેક્ષના માળખામાં થતા ફેરફારો અને નોટીફીકેશનોને લીધે ધંધાદારીઓને પૂર્ણ રીતે તૈયાર થઈ સરળ વ્યાપાર કરવા સજ્જ થઈ શક્યા નથી. નાની નાની અનેક બાબતો જેવી કે બીલ કોપીનું પ્રીન્ટીંગ તેમજ રીટર્ન ભરવાની પ્રક્રીયા વગેરેમાં ઓતપ્રોત થતાં સમય લાગશે. પણ એકવાત ચોક્કસ છે. ધંધા-વ્યાપારમાં કરાતી અપ્રમાણિકતા હવે લાંબો વખત ચાલશે નહીં અને આવા અપ્રમાણીક તેમજ બનાવટી / નકલી માલ વેચનારાઓ આકરી સજા ભોગવવા તૈયાર રહેવું જ પડશે.

થોડા મહિનાની હાલાકી પછી અર્થતંત્રની ગાડી ટોપ ગીયરમાં લાવવા માટે આ કવાયત અનિવાર્ય છે, શાસક અને પ્રજા એક મેકના સહકારથી આમાં જલદી સફળતા પ્રાપ્ત કરે અને અજંપા અને અવિશ્વાસને દૂર રાખી એક બીજાને દેશહિત માટે સહકાર આપે એવી આશા રાખીએ.

❑ **સંપાદક સમિતિ**


## શ્રી પંચાસર પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળ

આ મંડળ ૧૩-૧૪ વર્ષથી તીર્થ યાત્રાઓનું
આયોજન કરી રહેલ છે.

દર વર્ષની જેમ આ વર્ષે ૧લી ફેબ્રુઆરી ૨૦૧૮ના ગુજરાત, મેવાડ, મારવાડ માટે ટુરનું આયોજન નક્કી કરેલ છે, વર્ષ ૨૦૧૬માં ૭૫ કલ્યાણક ભૂમિનું આયોજન કરેલ. ૨૦૧૭માં મેવાડ યાત્રા અન્ય કારણોસર આયોજન શક્ય ના બનેલ.

નાના-મોટા બધાજ આ ટુરમાં જોડાઈ શકે છે. એસી ટ્રેન - એસી બસ દ્વારા મુસાફરી કરવાની રહેશે. ૧૧ દિવસનો પ્રોગ્રામ રહેશે. રૂમમાં ૪-૫ વ્યક્તિ રહેશે. સારામાં સારી સગવડતા આપવામાં આવશે. ટુરમાં આવનાર વ્યક્તિએ તા. ૩૦-૯-૨૦૧૭ પહેલા નામ નોંધાવવાના રહેશે. વહેલા તે પહેલાના ધોરણે નામ લેવામાં આવશે. વધુ વિગત માટે નીચેના વ્યક્તિઓનો સંપર્ક સાધવો

**કમિટિ મેમ્બર**

| | | |
|---|---|---|
| શશીકાન્તભાઈ | સુશીલભાઈ | હરેન્દ્રભાઈ (ગોપાલભાઈ) |
| (તારદેવ) | (ગોરેગામ) | (અંધેરી) |
| 9819563424 | 9821642207 | 9967638158 |

ADVT



**પાટણના જૈન પરિવારો માટે અનોખી ઓફર**
**KKKના પ્રોડ્ક્ટ્સ વેચો અને પૈસા કમાઓ**

- કનાસા કલ્યાણ કેન્દ્ર KKK છેલ્લા ૧૩ વર્ષથી પાટણના પરિવારોને ઉદ્યમ આપતી સફળ સંસ્થા છે.
- KKKમાં વિવિધ પ્રકારના ખાખરા, પાપડ તથા મિઠાઈઓ ઉપરાંત અનેક પ્રકારના ખાદ્ય પદાર્થ બનાવવામાં આવે છે. પાટણ સમાજ સિવાય બહારના સમાજમાં પણ આ પ્રોડ્ક્ટસની માંગ વધતી જાય છે.
- KKKમાં બનતા પ્રોડક્ટ્સ સાત્વિક હોય છે એ ઉપરાંત આ પ્રોડ્ક્ટસ જયણા પૂર્વક (જૈન ધર્મના સિદ્ધાંત પ્રમાણે) બનાવવામાં આવે છે.
- કેટલાક પરિવારો ક્વોલિટી અને સર્વીસને કારણે માત્રા KKKના પ્રોડક્ટ્સનો જ આગ્રહ રાખે છે.
- વધતી જતી માંગને પહોંચીવળવા KKK એરીયા પ્રમાણે પાટણના જૈન પરિવારોને ફ્રેન્ચાઈઝ આપવા વિચારી રહેલ છે.
- KKKના પ્રોડક્ટ્સના વેચાણ પર આપને આકર્ષક કમીશન મળી રહેશે.

સંપર્ક: Pankajbhai (WhatsApp) - 9167239966

# કનાસા કલ્યાણ કેન્દ્ર

પાટણ: 02766-224720 • મુંબઈ: જીતુભાઈ - 9699053690 • જયેશભાઈ - 099-203-85597

**નવા વર્ષની મેમ્બરશીપ - ખાસ આકર્ષણ**

કનાસા કલ્યાણ કેન્દ્ર સફળતાપૂર્વક ૧૨ વર્ષ પૂર્ણ કરી ૧૩માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. **ત્યારે સૌ પ્રથમ ૧૨ માસના લવાજમ રૂા. ૨૫૦૦/- રાખવામાં આવ્યા છે, જેમાં એપ્રિલ-૧૭ થી માર્ચ-૧૮ સુધીમાં દર ૨ મહિને ૧ ડીલીવરી એમ કુલ ૬ ડીલીવરી ઘર પહોંચ કરવામાં આવશે.**

**ખુશખબર : દરેક ડીલીવરીમાં એક કોમ્પ્લીમેન્ટરી ગિફ્ટ આપવામાં આવશે.**

આપના કુટુંબીજનો, સગાં-વહાલા તથા મિત્રોને અવશ્ય મેમ્બર બનાવવા પ્રયત્ન કરશો. ફોર્મ તથા પૈસા નીચે જણાવેલ વ્યક્તિઓ પાસે જમા કરાવશો.

| | | | |
|---|---|---|---|
| Walkeshwar Dehrasar | Marine Drive | Kalbadevi Road | Gowalia Tank |
| Bharatbhai - 9820452406 | Deepakbhai - 9820522936 | Janakbhai - 9323115714 | Kamalbhai - 9820063762 |
| Meenaben - 9833271499 | Juhu / Vile Parle | Vile Parle | Santacruz / Vile Parle |
| Pydhonie / Nagdevi | Pravinbhai - 9820244026 | Daneshbhai - 9930891985 | Pankajbhai - 9820322648 |
| Shaileshbhai - 9821023693 | Malad/Kandivali/ | Goregaon | Vile Parle Sales Centre |
| Andheri | Borivali/Dahisar | Jitubhai - 9699053690 / | Jayeshbhai - 9920385597 |
| Niranjanbhai - 9819280255 | Bipinbhai - 9324621637 | 8767121628 | |

ADVT

## દિવ્યાંગ અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળની વિકલાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા સોમવાર તા. ૨૯-૫-૨૦૧૭ના દિને સંસ્થાના સમભાગૃહ ખાતે 'દિશા'ના બે બાળકો બિરેન સુરેશચંદ્ર શાહ તથા દર્શા જ્યોતિષભાઈ શાહના તાજેતરમાં થયેલ નિધન બદલ શોક પ્રદર્શિત કરવા એક સભાનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિકલાંગ સમિતિના માનદ્‌મંત્રી તથા દાતા શ્રીમતી પ્રમીલાબેન તથા શ્રી ભદ્રકુમાર મણીલાલ શાહ તેમજ દિશા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સભાની શરૂઆતમાં શ્રી જ્ઞાનેશભાઈ દ્વારા અને ત્યારબાદ સમિતિના માનદ્‌મંત્રી શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ તથા શ્રી જે.કે. શાહ દ્વારા બન્ને બાળકોને શબ્દો વડે અંજલિ આપવામાં આવી હતી. તેમજ **શ્રી રમેશભાઈ ચીમનલાલ શાહ દ્વારા વૈષ્ણવજન તો તેને કહીએનું ગીત રજુ કરેલ તેને સર્વેએ ઝીલી લીધેલ.** શ્રીમતી નીનાબેન જ્યોતિષભાઈ શાહે (સંઘવીનો પાડો) કું. દર્શાની નાદુરસ્ત તબિયત સમયે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખબર-અંતર પૂછનાર તેમજ શોકસભા યોજવા બદલ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત કું. દર્શાના આત્મશ્રેયાર્થે તેમના પિતા શ્રી જ્યોતિષભાઈ બચુભાઈ શાહ દ્વારા અને બીરેનના (મારફતિયા મહેતાનો પાડો) સ્મરણાર્થે તેમના બહેન-બનેવી શ્રીમતી બીનલ તથા મનીષભાઈ લાલભાઈ શાહ દ્વારા પ્રત્યેક પરિવારો તરફથી રૂા. ૨૫,૦૦૦/- હજારનું દાન સમર્પિત કરવામાં આવેલ.

સભાના અંતમાં શ્રી યશમુખભાઈ દ્વારા મોટી શાંતિનું પઠન કરી, નવકારના કાઉસ્સગ બાદ સભા પૂર્ણ થયાનું જાહેર કરવામાં આવેલ.

રવિવાર, તા. ૧૮-૬-૨૦૧૭ના મંડળ દ્વારા યોજાયેલ મ્યુઝિકલ મીંગલ તથા પાટણ રત્ન એવોર્ડ સમારંભમાં દિશાના ૧૭ બાળકોએ ઉપસ્થિત રહી ગીતસંગીતની મજા માણેલ.

## શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાલીદાસ શાહ ફેમીલી ફ્લોટર મેડિક્લેઈમ પોલીસી યોજના

તંદુરસ્તી સ્વસ્થ માનવ અને સ્વસ્થ સમાજની પ્રથમ જરૂરિયાત છે. દિન પ્રતિદિન બીમારીઓ અને તેના સારવારનો વધતો જતો ખર્ચ સામાન્ય જન માટે મુશ્કેલીઓની વણઝાર લાવે છે. તેવા સમયે શ્રી પાટણ જૈન મંડળ દ્વારા લગભગ એક દાયકા અગાઉ મેડિક્લેઈમ પોલીસી યોજનાનો પ્રારંભ કરવામાં આવેલ, જેના પ્રિમીયમના ખર્ચના વળતર તરીકે આર્થિક સહાય આપવામાં આવે છે. વર્ષાનુવર્ષ વધતા જતા પ્રિમીયમના પરિણામે પોલીસી ધારકોની જરૂરિયાતને પૂરેપુરી સંતોષી શકવા સંસ્થા અસમર્થ બની રહેલ છે.

તાજેતરમાં કનાસાના પાડાના **શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાલીદાસ શાહના** પરિવારજનો તરફથી તેમના કુટુંબીજનો દ્વારા શ્રી પાટણ જૈન મંડળને રૂા. ૭૦,૦૦,૦૦૦/-થી વધુનું દાન સમર્પીત કરવામાં આવેલ છે. જેના પરિણામે **''નૂતન મેડિક્લેઈમ ફેમીલી ફ્લોટર પ્રિમીયમ સહાય વળતર યોજના''** સાકાર થવા પામેલ છે. જેથી સંસ્થાની વર્તમાન યોજનામાં સમાજના જરૂરિયાતમંદ પરિવારોની મેડિક્લેઈમની માંગણીને વધુ પ્રમાણમાં સંતોષી શકવા મંડળ સક્ષમ બનેલ છે.

આ યોજના અંતર્ગત પોલીસી વળતરનો લાભ લેવા **ઈચ્છુક અરજદારોએ ફેમીલી ફ્લોટર પોલીસી લઈ, વળતરનું ફોર્મ સંસ્થાના કાર્યાલય ખાતેથી મેળવી, ભરીને આપવાથી મેડિક્લેઈમ પ્રિમીયમની સહાય મંડળની માર્ગદર્શિકા પ્રમાણે આપવામાં આવશે.** તો જરૂરતમંદ પરિવારોએ મેડિક્લેઈમ ફેમીલી ફ્લોટર પ્રિમીયમ સહાય વળતર યોજાનાનો લાભ લઈ કુટુંબને તબિબિ ક્ષેત્રે Risk cover કરવા વિનંતી છે.

❑ **મેડિકલ સમિતિ**


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ •**

ADVT

# ''ખાલીપો''

જીવનમાં વ્યક્તિઓ સંજોગે મળે છે અને વિયોગે છૂટા પડે છે. જે શરૂ થાય છે એ પ્રારંભ અને પૂરું થાય છે તે પૂર્ણ વિરામ. પ્રારંભની સાથે અંત સંકળાયેલો છે. જીવન એ મરણ સુધી લંબાતું વાક્ય છે. આ વાક્યમાં અલ્પવિરામ, આશ્ચર્ય ચિન્હ, પ્રશ્નાર્થ ચિન્હ બધુજ આવતું હોય છે.

આ અવની પર અવતરનાર જીવને સમુહમાં રહેવાનું ખૂબજ ગમતું હોય છે. જન્મતાની સાથે જ તેની બાળ ક્રીડાથી લઈ **ઉચ્ચ અભ્યાસક્રમ માટે ડિગ્રી - ડિપ્લોમાં કૉલેજમાં જોડાવવા પર્યંત ક્યારેય કોઈ એકાંકીપણાની વાત જ નહીં.**

જન્મ આપનારી માતા જેણે પોતાના સંતાનને લાડ લડાવી ઉંમરલાયક બનાવ્યો ત્યાં સુધી તો હરખ સમાતો નહીં ઉરમાં, હવે સારા ઘર પરિવારમાં તેનું વેવિશાળ કરીશું, સમજણો સંતાન સ્વબળે સંપત્તિ સર્જન કરશે તેવા વિચારોમાં ગગનમાં વિહરતાં અચાનક તેના પ્રાણ પંખેરું ઊડી ગયાના સમાચાર મળે ત્યારે તેના જીવનમાં એક ખાલીપાનું સર્જન થાય છે, જેની ખોટ કદી પુરી શકાતી નથી.

યુવાન વયે લગ્ન ગ્રંથિથી બંધાઈ હજી તો પોતાના સ્વપ્નની માળાના બે-ત્રણ મણકા પણ માંડ ગુથ્યા હોય હાથે લગાડેલ મહેદીની મહેક અને રંગ પણ ઉડ્યા ન હોય, તેની સાથે જીવન સાયુજ્ય હજી માણ્યું પણ ન હોય અને અચાનક કંથના અકસ્માતે નિધનના સમાચાર જાણી, આવી પડેલ વંયધ્યત્વને જીરવવું દુષ્કર બની જાય છે. અને એક **'ખાલીપો'** તરફ ધકેલાઈ જતાં.

માતા-પિતાના એકના એક સંતાન હોવાને પરિણામે, વય વધતા પોતાની ફરજ સમજી સમાજના રંગે ન રંગાતા તેમની સાથે જ રહેતા, તેમની પૂર્ણ દેખભાળ રાખતા સંતાનને તેમના માવતર તરફથી પણ પ્રાપ્ત થતાં અવિરત પ્રેમગંગાના નિર્મળ જળમાં અભિષેક કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. ત્યારે અચાનક એક દિવસ ટૂંકી માંદગી બાદ માતાના નિધનના ખબરથી હતપ્રભ થઈ જવાય છે, હજુ તો સ્વસ્થ થવાના પ્રયત્ન કરે ત્યાં જ માત્ર ત્રણ માસના ટૂંકા ગાળામાં પોતાના માથેથી પિતાની છાયાનું છત્ર પણ હણાઈ જતા સંતાનનું હૃદય જે આક્રંદ કરે તે ભલભલાના હૃદયને કંપાવી જાય છે.

**લોકો કહે છે, એકલા આવ્યા અને એકલા જવાનું. વાત તદ્દન ખરી પરંતુ શું એકલા જીવવાનું આટલું સહજ છે ખરું ?** માતા-પિતા સમાન જનાર વ્યક્તિ આમ તો કશું જ લઈ જતી નથી છતાં જાણે આપણું સર્વસ્વ લઈ જાય તેવું તેમની અનુપસ્થિતિમાં લાગ્યા કરે છે. ત્યારે સંજોગોવશાત કોઈ કલ્યાણ મિત્ર મળી રહે તો જાતને સંભાળવું સરળ બને છે. અન્યથા ઘણી વખત માનસિક સંતુલન ગુમાવી બેસાય છે.

આનાથી વિપરીત તે યુવાન પુત્ર પાછલી અવસ્થાએ પહોંચેલ માતા-પિતાને ઘરડાઘર, વૃદ્ધાશ્રમમાં મુકી આવે છે ત્યારે આ માવતરનો કલ્પાંત કઠણ કાળજાને પણ કંપાવનાર બનાવી જાય છે, અંતિમ સ્વરૂપે જીવનમાં એક ન પૂરાય તેવા **'ખાલીપા'** તરફ જ લઈને જંપે છે.

દીકરીનું સાસરું ગમે તેટલું દૂર હોય, દીકરો વિદેશમાં ગમે ત્યાં વસવાટ કરતો હોય કે દેશની સુરક્ષા માટે જતો જવાન ગમે તે સીમા પર હોય ફોનથી કે અન્ય રીતે સંપર્કમાં રહી શકે છે, તેથી આવા સંજોગોમાં તેમની ગેરહાજરીથી સર્જાયેલ આંશિક 'ખાલીપા'ની લાગણીઓમાં ધીરે ધીરે ઓટ આવી જાય છે. પણ ધમધોકાર ચાલતા ધંધામાં ક્યારેક કુદરતની એક જ વારની ધોબી પછડાટ એવો વસમો ઘા મારી દેતી હોય છે જેની કળ જિંદગીભર વળવી દુશ્કર બની જતી હોય છે. શક્યતઃ ધંધામાં તો ફરી કમાણી થઈ જાય, પણ ઘર કરી ગયેલ ખાલીપો માણસને સુનમુન બનાવી દે છે.

કહેવાય છે કે, ''સમય વિત્યે ભલભલા ઘા રૂઝાઈ જાય છે.'' પણ ક્વચિત તે આંશિક સત્ય માની શકાય... કેમ કે કેટલાંક ખાલીપા તો કદીય પૂરી શકાતા નથી.

ખાલીપો માત્ર લોહીના સંબંધના વિરહમાં જ અનુભવાય તેવું નથી, ક્યારેક લાગણીનો એકાદ સંબંધ વિચ્છેદિત થતાં ખાલીપો અનુભવ્યો છે ? જીવન પથ પર રાહબર બની આત્મિયની આકસ્મિક વિદાયથી સર્જાતો ખાલીપો પણ અવશ્ય અસહીષ્ણું જ રહેવાનો !

**આ ખાલીપો એટલે કોઈ રોગ નથી કે તેનો ઈલાજ કરી શકાય, કોઈ સ્વપ્ન નથી કે જાગ્યા એટલે જતું રહે. પણ છે એક એવી વેદનામય અવસ્થા જે સતત ૨૪ કલાક અને ૩૬૫ દિવસ આપણા શ્વાસોચ્છવાસની માફક સાથેને સાથે જ રહે છે, આપણે તેને ઘડીભર ભુલવાના પ્રયત્ન કરીએ તો પણ તે યાદ રાખીને આપણી ઉપર વિજય પ્રાપ્ત કરે છે, આ મનની એક એવી અવસ્થા છે જેમાંથી કેટલાંક સંજોગોમાં પાછુ સ્વસ્થપૂર્ણ જીવન તરફ આવવું લગભગ અશક્ય જ બની રહે છે.**

ખાલીપો આ શબ્દ ભલે ત્રણ અક્ષરના સમૂહ સમ નાનો અમથો લાગે પણ, જે તેનો શિકાર બને તેને સમજાય કેટલો વિશાળ અને વિકરાળ છે આ ખાલીપો. **આ ખાલીપાને એક વાક્યમાં વર્ણવું હોય તો, ''ખાલીપાની ખાઈ ખડતલ ખોડીયાને ખંખેરીને ખોખલું બનાવતું એક સુલભ સાધન.''** આવા ખાલીપાને ગળે વળગાડતા પૂર્વે સાવધાન, આપણે આપણા જીવનનું ઘડતર એવી રીતે કરવાનું શરૂ કરીએ કે ભલે સમુહમાં રહીએ પણ આત્મનિર્ભર રહીએ, ભલે સર્વેને સમર્પિત રહીએ પણ સ્વને સંભાળી શકીએ તેટલી રેખાંકન કરીને જ !

ખાલીપો એટલે શન્યાવકાશ (Vaccum). ખાલીપાને માપી શકાય તેવું કોઈ યંત્ર આજ સુધી શોધાયેલ નથી, આપણે સહુએ અંગત જીવનમાં આવો કો'ક ખાલીપો ક્યારેક ને ક્યારેક તો અવશ્ય અનુભવેલ હશે જ !

માતા-પિતા સંતાન, પત્ની જેવા જૂજ સંબંધોમાં દુઃખ અસહ્ય લાગે જ... આ પ્રસંગે દુનિયા તો સહાનુભૂતિથી વિશેષ કાંઈ નહીં દર્શાવી શકે, પણ દુઃખનો દરિયો તો જાતે જ પાર કરવો પડે, માટે જીવનમાં હરતા ફરતા ખાતા-પિતા મનોરંજનની સાથોસાથ અધ્યાત્મિકતા તરફ પણ થોડાક અંશે વાળીએ અને તેટલા અંશને મક્કમપણે વળગી પણ રહીએ તો પરમાત્મા તે કપરા સમયે તેવા કઠોરાઘાત જીરવવાની શક્તિ અવશ્ય પુરી પાડશે જ ! તે નિઃશંક છે.

❑ **જ્ઞાનેશ જયચંદ લાપસીયા**

# મ્યુઝિકલ મીંગલ ૨૦૧૭ તથા શ્રી મહાસુખભાઈ પોપટલાલ શાહ સન્માન અહેવાલ



શ્રી બચુભાઈ વતી પાટણ રત્ન એવોર્ડ સ્વીકારતા પુત્ર રોહનભાઈ



અતિથિ વિશેષ શ્રી નરેશભાઈનું સન્માન કરતા પ્રમુખશ્રી તથા ઉપપ્રમુખ

શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા) સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધિના સંયુક્ત ઉપક્રમે રવિવાર તા. ૧૮-૬-૨૦૧૭ના દિને મ્યુઝિકલ મીંગલ ૨૦૧૭નો (તંબોલા) રંગારંગ કાર્યક્રમ યોજાયેલ.

કાર્યક્રમના પ્રારંભમાં ઉપપ્રમુખ શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ દ્વારા ઉપસ્થિત સર્વે ભાઈ બહેનોનું ઉષ્મા ભર્યુ સ્વાગત કરવામાં આવેલ.

ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહે શ્રી પાટણ જૈન મંડળ દ્વારા વાસુપૂજ્યની શેરીના શ્રી મહાસુખભાઈ (બચુભાઈ) પોપટલાલ શાહની ધાર્મિક, સામાજિક તેમજ શૈક્ષણિક ક્ષેત્રે નિઃસ્વાર્થ ભાવે થઈ રહેલ સેવાઓની અનુમોદનાર્થે તેઓશ્રીને **''પાટણ રત્ન એવોર્ડ''** એનાયત કરી અભિવાદન કરવાનું અત્રે યોજાયેલ છે, તેની માહિતી આપવામાં આવેલ.



"પાટણ રત્ન" શ્રી મહાસુખભાઈ

શ્રી બચુભાઈએ તેમની સંસ્થા **Each One Teach One** દ્વારા શિક્ષણના માધ્યમને નાત-જાતના ભેદભાવ વગર સામાન્ય માણસ પર્યંત પહોંચાડી તેમનું જીવન ઘડતરનું બીડુ ઝડપેલ અને તેને સફળતાપૂર્વક પાર પણ પાડેલ છે. અત્યારસુધી લગભગ ૧૨૦૦૦થી વધુ બાળકોએ શૈક્ષણિક લાભ લીધો છે અને બચુભાઈના પુત્ર શ્રી રોહનભાઈ આ પ્રવૃત્તિને વધુ વેગવાન બનાવી રહ્યા છે.

બચુભાઈ તદ્દન નિરાભિમાની, મિતભાષી, વિનયી, વિવેકી, નિષ્પક્ષ, શાંત, સહનશીલ, વિચક્ષણ, પ્રામાણિક, પારદર્શક વ્યક્તિત્વ ધરાવે છે. નસિબ જોગે તેઓને સહધર્મચારિણી રંજનબેન પણ એવા જ મળ્યા છે કે આપણે પણ કહેવું પડે **''Made for Each Other''** સદાય હસમુખા રહેતા રંજનબેન પણ બચુભાઈના દરેક કાર્યમાં સદાય સંપૂર્ણ સાથ અને સહકાર આપતા હોય છે.

મંડળના આમંત્રણને માન આપી આ પ્રસંગના અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેનાર જૈન સમાજના મહાજન એવા **દાનવીર શ્રેષ્ઠીવર્ય શ્રી નરેશભાઈ કાંતિલાલ ઝવેરીનો** ટૂંકમાં પરિચય આપતા જણાવેલ કે જીવદયા, વૈય્યાવચ અને સાધર્મિક વાત્સલ્ય દ્વારા જૈન શાસનને જયવંતુ રાખનારાઓની જો યાદી બનાવવામાં આવે તો શ્રી નરેશભાઈનું નામ તેમાં અવશ્ય અવ્વલ નંબરે રહેવાનું જ.

મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા અન્ય હોદ્દેદારો દ્વારા મોતીની માળા, શાલ તથા શ્રીફળ એનાયત કરી સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ દ્વારા શ્રી મહાસુખભાઈનો બૃહદ પરિચય તેમજ તેમના દ્વારા થતાં સામાજિક ઉત્કર્ષના કાર્યોની નીચે જણાવ્યા મુજબ અંતઃકરણપૂર્વક અનુમોદના કરવામાં આવેલ.




શ્રીમતી રંજનબેનનું અભિવાદન કરતા શ્રીમતી નયનાબેન તથા શ્રીમતી કલ્પનાબેન




સમારંભમાં ઉપસ્થિત શ્રી બચુભાઈના પરિવારજનો તથા મંડળના હોદ્દેદારો

## પાટણ રત્ન એવોર્ડ સમારંભમાં ઉદ્‌બોધન કરતા



પ્રમુખ શ્રી દિનેશભાઈ





ઉપપ્રમુખો શ્રી દિપકભાઈ તથા શ્રી રોહીતભાઈ



શ્રીમતી કલ્પનાબેન



શ્રી રોહનભાઈ મહાસુખલાલ શાહ

''આજથી લગભગ ૩ વર્ષ પહેલા તા. ૧૩-૭-૨૦૧૫ના દિવસે શ્રી પાટણ જૈન મંડળના જીવન સૌરભના પ્રોગ્રામમાં કલિકાલ સર્વજ્ઞના જીવન કવન વિશે બોલતા જેટલો આનંદ થયો હતો તેના કરતા પણ કંઈક ગણો વધારે આનંદ આજે થઈ રહ્યો છે, કારણ કે વ્યક્તિ હયાત છે માટે. આપણે તેમને તેમના સુકૃતોની ઝાંખી કરાવી શકીએ.

શ્રી બચુભાઈનો જન્મ વૈશાખ સુદ - ૧૦ના દિવસે તા. ૧૯-૫-૧૯૩૭માં મુંબઈમાં થયો હતો. સ્કૂલમાં ૪ ધોરણ સુધીનો અભ્યાસ પાટણમાં કર્યો ત્યારબાદ તેઓ મુંબઈ આવ્યા અને બાબુ પનાલાલ સ્કૂલમાં એસ.એસ.સી. સુધી અભ્યાસ કર્યો. જયહિંદ કૉલેજમાંથી B.Sc કરી તેઓ ૧૯૫૯માં Chem. Engg. માટે U.S. ગયા.

કહેવાય છે, પ્રભુ મહાવીર સ્વામીના નિર્વાણ પછી ૯૮૦ વર્ષ પર્યંતના શ્રુતરૂપી આગમોને કંઠસ્થમાંથી ગ્રંથસ્થ કરવામાં આવ્યા. અનેક દુકાળો પડતા કાળક્રમે શ્રુત વિનાશ પામવા માંડ્યું, સ્મૃતિમાંથી વિસ્મૃતિ થવા માંડી. આ કાર્ય ૯૯૩ વર્ષે પૂરુ થયું એટલે આ કાર્યને કરતા ૧૩ વર્ષ થયા. શ્રી બચુભાઈએ પણ ૨૦૦૪માં આ શ્રુતલેખનનું કાર્ય શરૂ કર્યું અને આજે ૨૦૧૭ સુધી તેમની અથાગ મહેનત ચાલુ છે.

પરમાત્માના શાસનને આજે આપણા સુધી પહોંચાડવું અત્યંત કપરું કામ છે, અત્યંત અઘરું કામ છે, કારણ કે આ કલિકાલમાં પરમાત્માનું શાસન ચલાવવું તે રેતીમાં નાવડી હંકારવા તુલ્ય છે. છતાંય આવો ચેલેન્જીંગ પ્રોજેક્ટ આપણા શ્રી બચુભાઈએ હાથ ધર્યો અને તેમાં **immeuse** સફળતા મેળવી. આ ગ્રંથોને re-write કરાવ્યા.

આજથી લગભગ ૧૩ વર્ષ પૂર્વે પ.પૂ. શ્રી પૂર્ણચંદ્રસૂરિશ્વરજી મ.સાહેબ પ.પૂ. હિતરુચિ મ. સાહેબ તેમ જ પ.પૂ. શ્રી યુગચંદ્રસૂરિશ્વરજી મ.સાહેબે ચંદનબાળાના ઉપાશ્રયમાં એક ટહેલ મૂકી - **શ્રુતને બચાવો, શ્રુતનું રક્ષણ કરો, તેનો વારસો ટકાવી રાખો. લહિયાઓ પાસે લખાવી તેને ચિરંજીવી કરો નહીં તો આ પરમાત્માનું શાસન પાંચમાં આરાના છેડા સુધી ચલાવવું અત્યંત મુશ્કેલ પડશે.** અને આ ટહેલને ઝીલી લીધી આપણા શ્રી બચુભાઈએ - લુહારચાલની એમની ઓફિસને તેમણે બનાવી દીધી લહિયાચાલ, લગભગ ૧-૨ મહિનામાં જ તે ઓફિસમાં ૧૫-૨૦ લહિયાઓને બેસાડી શ્રુતલેખનનું કાર્ય શરૂ કર્યું.

લહિયાઓને Caligraphy શિખવાડી So there is cleanliness & clarity in their writing ગ્રંથોનું લિપિયાંતર કરાવ્યું અને ગ્રંથ પૂરો થતાં જ તેનું Proof reading પણ કરાવ્યું જેથી કોઈ અશુદ્ધિ ન રહી જાય અને આપણે દોષમાં ના પડીએ. આમ આજ સુધી એમણે, ૬૦૦૦ ગ્રંથો લખાવ્યા છે. ૪૫ આગમના ૪૦ સેટ્સ લખાવ્યા છે. ૪ ગ્રંથને સુવર્ણ સાહીથી લખાવ્યા છે.

તે ઉપરાંત **સિદ્ધહેમ જ્ઞાનપીઠ (પાઠશાળા)** શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ચલાવાય છે, જેમાં અનેક સાધુ સાધ્વી સ્વાધ્યાય વિગેરે કરવા આવે છે. તેની વ્યવસ્થા માટે તેમજ સાધર્મિક ભક્તિ માટે તેઓ પાટણમાં


# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩ ટ્રસ્ટ રજી. નં. ઈ-૩૯

શ્રી પાટણ પાંજરાપોળ દ્વારા જીવદયા અંતર્ગત ''પશુદત્તક યોજના''ની નાખેલ ટહેલને ઉત્કૃષ્ટ પ્રતિસાદ આપી પુણ્યનું ભાથું બાંધનાર સર્વે દાતાઓની ઉપર આ અબોલ જીવોની આશિષ વર્ષા સતત વરસી રહેલ છે. ૫૦ થી વધુ પશુઓને દત્તક લેનાર દાતાઓની નામાવલી અત્રે પ્રગટ કરવાની સાથોસાથ તેઓ સર્વે પ્રતિ આભાર માનવામાં આવે છે.

**શ્રી પાટણ પાંજરાપોળ આયોજિત શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય મંડળ (ખલીપુર)**

જૈન કલ્ચર સેન્ટર (એન્ટર્વપ)
શ્રી મહાસુખભાઈ પોપટલાલ શાહ (બચુભાઈ)
શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ
શ્રી ચેતનભાઈ અમીચંદ શાહ
શ્રી ચીનુભાઈ શાંતિલાલ શાહ
શ્રી દેવાંગભાઈ પ્રમોદચંદ્ર ઝવેરી
શ્રી દિલીપભાઈ અરવિંદભાઈ કાંતિલાલ
શ્રી હિતેનભાઈ પ્રવીણચંદ્ર ઝવેરી
શ્રી જિજ્ઞેશભાઈ લલીતચંદ્ર શાહ
શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ
શ્રી મહેન્દ્રભાઈ અમૃતલાલ પટણી
શ્રી મુકેશભાઈ ગુલાબચંદ ઝવેરી
શ્રી પ્રવિણભાઈ મફતલાલ શાહ
શ્રી રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ
શ્રી શરદભાઈ કુસુમચંદ્ર શાહ
શ્રી અશોકભાઈ કીર્તિલાલ ઝવેરી
શ્રી જે.કે. શાહ (કાંતિલાલ પુનમચંદ)
શ્રી પ્રફુલભાઈ કે. શાહ (કાંતિલાલ પુનમચંદ)
શ્રી નરેશભાઈ નેમચંદ શાહ

ADVT

શ્રી પાટણ પાંજરાપોળ દ્વારા જીવદયા અંતર્ગત ૫૦ થી વધુ પશુઓને દત્તક લેનાર દાતાઓની નામાવલી.




મ્યુઝિકલ હાઉઝીના કલાકરો



પ્રકાશ પાથરતા ઉપસ્થિત જન સમુદાય

સમયાન્તરે પોતાની શક્તિ મુજબ સુંદર યોગદાન આપે છે.

આજથી ૩ વર્ષ પૂર્વે પાટણની **બી.ડી.એસ. હાઈ સ્કુલના કમ્પાઉન્ડમાં સ્વદ્રવ્યથી શ્રી આદિશ્વર દાદાના જિનાલયનું નિર્માણ કરાવ્યું છે,** તેના માટે માર્બલ વિગેરે લેવા તેમજ દેરાસર પૂર્ણ થતાં પટ કોતરાવવામાં આવ્યા. તેની કોતરણીનું નિરીક્ષણ કરવા પણ કંઈ કેટલીયવાર તેઓ પાટણ જઈ આવતા. દેરાસરની આજુબાજુ અદ્‌ભુત Landsciping કરાવી દેરાસરને અતિ રણિયામણું બનાવ્યું છે.

શૈક્ષણિક ક્ષેત્રે પણ Each One Teach One, સંસ્થામાં પણ તેઓશ્રી, જ્યોતિબેન તન્ના સાથે સંસ્થાના pioneer થઈ સંસ્થાને લગભગ ૩૦ વર્ષ થી ચલાવી રહ્યા છે. દિપકભાઈએ કહ્યું તેમ ૧૨,૦૦૦ જેટલા બાળકોને Education આપી તેમના શૈક્ષણિક મા-બાપ થયા છે. આજે જ્યોતિબેન તન્ના પણ અહીં હાજર છે અને we welcome her અને પાટણ જૈન મંડળ તેમનું હાર્દિક સ્વાગત કરે છે.

શંખેશ્વર પાસે એક શ્રુતમંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે તેમાં પણ તેમણે પોતાનું ખૂબ સુંદર યોગદાન આપ્યું છે અને આજે તેમાં તેઓ chairman છે. અનેક સાધુ સાધ્વી અને આચાર્ય ભગવંતો તેમનું માર્ગદર્શન મેળવવા તેમનો સંપર્ક સાધે છે.

તા. ૧૪-૫-૨૦૧૭ના દિવસે ચંદનબાળાના ઉપાશ્રયમાં પ.પૂ. શ્રી યુગચંદ્રસૂરિશ્વરજી મ.સા. રોજના ૩૦-૩૦ કિ.મી. નો વિહાર કરી ત્યાં આવ્યા અને તેમને **'જૈન શાસન શ્રુત રક્ષક રત્ન'નું** બિરુદ આપ્યું. ચંદનબાળાના સંઘની હાજરીમાં અને આખો સંઘ નાચી ઉઠ્યો, તાળીઓના ગડગડાટ સાથે which is appropriate.

આવું ઉદાર વ્યક્તિત્વ, પરોપકારવૃત્તિ, સૂઝ, સમજ અને શક્તિનો સમન્વય કરી પોતાના જીવનને ધન્ય બનાવ્યું છે.

**He is a Rare personality**

**He is an amazing personality.**

**No words for him.....**

આમ બચુભાઈએ સંપત્તિ સાથે સન્મતિનો સમન્વય કરી પોતાની સદ્‌ગતિ secure કરી દીધી છે. શ્રુતના જબરજસ્ત સંસ્કારો તેમણે આ ભવમાં પોતાના આત્મા ઉપર પાડ્યા છે જે ભવોભવ તેમની સાથે રહેશે.

તેમને કહું છું રોજ વિચારજો:

**આ શ્રુત મારો શ્વાસ,**
**આ શ્રુત પ્રભુનો અહેસાસ...**
**પરથી થયા પરાયા, અમે સ્વના સ્વજન થયા**
**આતમ થયો ઉજાગર પરમાત્મા થવા**
**આ શ્રુત મારો શ્વાસ, આ શ્રુત પ્રભુનો અહેસાસ...**

આમ શ્રુતલેખનના કાર્ય દ્વારા એમણે એક ઈતિહાસ સર્જ્યો છે જે આપણને Mini કુમારપાળની ઝાંખી કરાવે છે.

ખબર છે આ શ્રુત કેટલું મહાન છે ?

**કરી શકે ના કોઈ આવા શ્રુતના સરવાળા**
**યુગો સુધી ઝળહળતા રહેશે શ્રુતના આ અજવાળા... (૨)**
**વંદન કરીએ જિનશાસનના શ્રુતના આ રક્ષકને... (૨)**
**કોટિ કોટિ વંદન કરીએ પાટણના આ ગૌરવને... (૨)**
**અને છેલ્લે એક wish!**
**ખબર છે !**

પરમાત્મા મહાવીર સ્વામીનું કેવળ જ્ઞાન કલ્યાણક એટલે વૈશાખ સુદ ૧૦ અને આપણા બચુભાઈનો જન્મ પણ વૈશાખ સુદ - ૧૦

આપણે સૌ અંતઃકરણપૂર્વક પરમાત્મા પાસે માંગણી કરીએ કે તેમનો હવે પછીના નજીકના ભવનો જન્મ એ જન્મકલ્યાણ બની જાય અને આખુંય જૈનશાસન તેની ઉજવણી કરે. તેમને શીઘ્ર સદ્‌ગતિ અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય એ જ શુભેચ્છા.

આપણે સૌ એમને તાળીઓના ગડગડાટથી Standing ovation સાથે વધાવી લઈએ.

**કોટિ કોટિ વંદન કરીએ પાટણના આ ગૌરવને.... જય જિનેન્દ્ર**

(Unfortunately શ્રી મહાસુખભાઈ આજે આ સમારંભમાં હાજરી આપી શકે તેમ નથી તેનું કારણ છે તેમની નાદુરસ્ત તબિયત, છતાય આ સમારંભનું આયોજન એટલા માટે કર્યું છે કે આ આખોય માહોલ તેમને સી.ડી. દ્વારા આપણે બતાવી શકીએ.)''

શ્રી મહાસુખભાઈની અનુપસ્થિતિમાં તેમના **ધર્મપત્ની શ્રીમતી રંજનબેનનું** તિલક, મોતીની માળા, શાલ તથા શ્રીફળ દ્વારા શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ, શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ તથા શ્રીમતી પ્રજ્ઞાબેન દિપકભાઈ શાહ દ્વારા અભિવાદન કરવામાં આવેલ.





કાર્યક્રમ સંચાલન તથા આભાર વ્યક્ત કરતા
શ્રીમતી અલ્પાબેન તથા શ્રી ભાવેશભાઈ



મ્યુઝિકલ મીંગલ કાર્યક્રમના સહાયક દાતાઓનુ અભિવાદન

ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ, શ્રી જે.કે. શાહ તથા શ્રી યશવંતભાઈ ઝવેરી દ્વારા શ્રી રોહનભાઈનું પણ તિલક, મોતીની માળા, શાલ તથા શ્રીફળ દ્વારા અભિવાદન કરવામાં આવેલ.

આવી બહુમુખી પ્રતિભા ધરાવતા શ્રી મહાસુખભાઈને **''પાટણ રત્ન એવોર્ડ''** આપવો તે પણ સંસ્થા માટે ગૌરવ સમાન છે. આ **''પાટણ રત્ન એવોર્ડ''** તેમના વતી ધર્મપત્ની શ્રીમતી રંજનબેન તથા પુત્ર શ્રી રોહનભાઈને સમારંભના મુખ્ય અતિથિ શ્રી નરેશભાઈ ઝવેરી તથા મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈના હસ્તે એનાયત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી રોહનભાઈ દ્વારા પોતાના વક્તવ્યમાં પિતાશ્રી મહાસુખભાઈને**''પાટણ રત્ન એવોર્ડ''**આપવા લાયક ગણ્યા તથા અમારા સમગ્ર પરિવારજનોનું સમાજમાં સન્માનનીય સ્થાન બક્ષ્યુ તે બદલ સંસ્થા પ્રત્યે આભાર ભાવ વ્યક્ત કરવામાં આવેલ. આ ઉપરાંત પાટણ ખાતે કાર્યરત સિદ્ધહેમ જ્ઞાનપીઠના સર્વાંગી વિકાસ માટે મંડળના શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ ખાતે રૂા. ૫,૦૦,૦૦૦/- ના દાનની જાહેરાત કરી પ્રમુખશ્રીને ચેક પણ અર્પણ કરવામાં આવેલ.

માનદ્‌મંત્રી **શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ** દ્વારા કાર્યક્રમના મુખ્ય દાતાશ્રીથી લઈ પ્રત્યેક કાર્યોમાં સહાયક થનાર સર્વેનો ક્રિકેટમય ભાષામાં આભાર માનવામાં આવ્યો હતો.

ત્યારબાદ મ્યુઝિકલ મીંગલ પ્રોગ્રામ શરૂ થતાંજ એક પછી એક આકર્ષક ઈનામોની તો જાણે વણથંભી વણઝાર લાગી ગયેલ. વિવિધ વિજેતાઓના મુખે તો આનંદ લહેરાય અને જીતી ન શકનાર પણ મનોરંજન મળેથી આનંદ અનુભવી રહેલ. મનોરંજન બાદ રસપુરીના લહેજતદાર ભોજનના સ્વાદ હોય પછી તો કહેવાનું શું હોય....!

મ્યુઝિકલ મીંગલ કાર્યક્રમના વિશાળ ખર્ચમાં સહાયક થવાના શુભ આશયથી આપેલ યોગદાન બદલ નીચે મુજબના સર્વે સહાયક દાતાઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરતા શ્રી રોહીતભાઈ, શ્રી યશવંતભાઈ, શ્રી ભાવેશભાઈ તથા શ્રીમતી અલ્પાબેન દ્વારા પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

**શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ**
**પી. રોહીતકુમાર એન્ડ કું.**
**શ્રીમતી પ્રજ્ઞાબેન દિપકકુમાર રેવંતીલાલ શાહ**
**શ્રીમતી ચારૂબેન તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ**
**શ્રીમતી પલ્લવીબેન શરદભાઈ કુસુમચંદ્ર શાહ**
**શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)**
**શ્રીમતી હંસાબેન પ્રફુલભાઈ શાહ (ઝભલાવાળા)**
**શ્રી ધીરેનભાઈ જે. શાહ અને શ્રી નરેનભાઈ જે. શાહ (ઝભલાવાળા)**

કાર્યક્રમના ઓર્ગેનાઈઝર અને આપણા સમાજના **મહાલક્ષ્મીમાતાના પાડાના શ્રી સુકેશભાઈ શાહનું** પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા જહેમત લેનાર સમિતિના સભ્યો તેમજ મંડળના કર્મચારીઓ પ્રતિ આભારભાવ વ્યક્ત કરવામાં આવેલ.

(અગાઉ જાહેર થયેલ સાંજનો કાર્યક્રમ ICC ક્રિકેટ ફાઈનલ મેચ હોઈ સાંજના બદલે સવારે યોજવાનો નિર્ણય લેવામાં આવેલ, જેની જાહેરાત મંડળ પાસે ઉપલબ્ધ ઈમેલ તથા વોટ્સઅપ, નોટીસબોર્ડ, બેનર ઉપર મુકવામાં આવેલ. તેમ છતાં સંજોગોવશાત કોઈકના કોન્ટેક્ટ નંબર ન હોવાના કારણે તેમનો સંપર્ક સાધી શકાયો ન હોય, અને સાંજના પાટકર હોલ ખાતે આવેલ હોય તેવા સદ્‌ગ્રહસ્થોને પડેલ તકલીફ બદલ તેમની હૃદયપૂર્વક ક્ષમા ચાહીએ છીએ.)

❑ **પ્રોગ્રામ સમિતિ**





મ્યુઝિકલ હાઉઝીના બમ્પર પ્રાઈઝના વિજેતાઓ



ભોજનનો રસાસ્વાદ માણતા જન સમુદાય

## ભોજનનો વિવેક શીખીએ !

મિતાહાર એક સમજી લેવા જેવી બાબત છે, ખરી રીતે જોવા જઈએ તો ભોજન એ તો 'Finished Goods' છે. (આખરી માલ છે)

ધારો કે જમીએ છીએ અને એક રતલ અનાજમાંથી પાંચ તોલા એઠું રહેવા દીધું તો છઠ્ઠો ભાગ બગાડી મુક્યો. એટલે કે પેદા કરેલું એટલું અનાજ વેડફી નાખ્યું.

બળદથી માંડીને ખેડૂત વગેરેની મહેનત ઉપરાંત રસોઈ કરવા સુધીની તમામે તમામની મહેનત પર પાણી ફેરવી તોળ્યું. પોષણનું અપમાન - અનાદાર કર્યો કહેવાય.

રંધાયેલું અન્ન થાળીમાં છોડી દઈએ તો તે ભારે મોટો અપરાધ ગણવો જ જોઈએ. આ વૃત્તિ રાક્ષસી કહેવાય કે નહીં? એટલા માટે વધારે લેવા કરતાં થોડુંક ઓછું શા માટે ન ખાવું ?

આ અંગે મારી માતા ભારે મહત્વની વાત કહેતી હતી; તારે કેટલું ખાવાનું છે તે તારા નામ પર લખાયેલું છે. થોડું થોડું ખાઈશ તો વધારે દિવસ ચાલશે. વધારે ખાઈશ તો મામલો જલ્દી પૂરો થઈ જશે. (દાને દાને પે લીખા હૈ ખાને વાલે કા નામ).

પિતાએ એ દ્રષ્ટિ આપી કે મોમાં કોળીયો મુકીએ છીએ તો ખૂબ ભાવે છે તો પછી જલ્દી જલ્દી પેટમાં શું કામ ધકેલી દે છે! પેટમાં એ કાંઈ થોડો જ મીઠો લાગવાનો છે? સ્વાદનું સ્થાન તો મોં છે એટલે કોળિયાને થોડીવાર મોમાં જ રાખી ચાવીને ખા અને પછી પેટ તરફ રવાના કર.

તો થાળી ધોઈને પીવાનું જ્ઞાન, જ્ઞાનીની આજ્ઞાનું બહુમાન છે. આ સઘળું યાદ રાખીએ તો સુખદ્ થાય.

❑ શ્રીમતી મિનળબેન પ્રકાશભાઈ કાપડિયા


**MATRIMONIAL**

| | |
|---|---|
| Name | : **SHAIL RAJESH SHAH** |
| Parents | : Sulsa & Rajesh Rasiklal Shah |
| DOB | : 03-07-1988, **Height :** 5' 6" |
| Education | : M.Com, Diploma In Taxation |
| Profession | : Working with Aditya Birla Money Ltd., As Business Development Manager. |
| Residence | : Poonam Apts., Worli, Mumbai |
| Contact | : 9833451005 **E-mail:** sahilshah_03@yahoo.in |

ADVT

**મહાલક્ષ્મી માતાનો પાડો**

**તૈયાર ઘર વહેંચવાનું છે.**

**ત્રણ માળ અને ઉપર ધાબુ**

**Contect : Nirav - 9833904672**

ADVT


## Thank you Nitinbhai, Thank you Dhruv

As you may be aware, Education Committee Shree Patan Jain Mandal organize Education Loan for Foreign Studies. Shree Nitin Jayantilal Shah from Khetarvasi – Patan who has settled in USA has been helping by way of Education Loan for our Patni Students.

In the recommendations of Education Committee Shree Patan Jain Mandal Shri Nitinbhai has given the Loan of US$ 20,000/- to **Mr. Dhruv Amit Shah (Vasavado)** for his Master in Energy Management and System Technology form New York Institute of Technology.

We have received the Communication message that Mr. Dhruv has completed his Masters successfully and he has also returned the total Loan amount to Shri Nitinbhai. We congratulate Mr. Dhruv, for his success and also returning the Loan in time.

Shree Patan Jain Mandal also thankful to Shri Nitinbhai for providing financial assistance to our Patni boys.

## પાટણ પાંજરાપોળ જીવદયા પર્વોત્સવ

તા. ૨૫-૬-૨૦૧૭ને દિવસે પાટણ પાંજરાપોળે જીવદયા પર્વોત્સવની ઉજવણી બી.ડી.એસ. સ્કુલના પ્રાંગણમાં કરી હતી. આવી. છેલ્લા છ મહિનામાં પાટણ પાંજરાપોળને લગભગ ૪૦૦થી વધારે ઘાસના ટ્રેક્ટર્સ દાનરૂપે પાટણ આસપાસના ખેડૂતોએ, ગામના સરપંચોએ તથા સ્થાનિકોએ મોકલાવી છે. તે બદલ દાતાઓનો અંત:કરણપૂર્વક આભાર માને છે.

આ નિમિત્તે શ્રી નિજાનંદ સ્વામીએ આશીર્વચન આપ્યા હતા. તેમને જૈન ધર્મની જીવદયાના ભારોભાર વખાણ કર્યા હતાં. શ્રી નેમીનાથ ભગવાને લગ્ન સમયે પ્રાણીઓની થનાર હિંસા રોકીને સજોડે દીક્ષા અંગીકાર કરી તે પ્રસંગને શ્રી નિજાનંદ સ્વામીએ યાદ કર્યો હતો. તેમને ગુજરાતની પ્રગતિમાં, ગુજરાતની ભવ્ય સંસ્કૃતિમાં જૈનોના ફાળાની નોંધ લીધી હતી. સંસદીય મંત્રીશ્રી રણછોડભાઈ દેસાઈએ આ પ્રસંગે 'મહાજન' શબ્દનો અર્થ સમજાવતાં મહાજનની ફરજ પ્રત્યે ધ્યાન દોર્યું હતું.

શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ, ઉપપ્રમુખશ્રી વિરેન્દ્રભાઈ, યશવંતભાઈ તથા દિપકભાઈ વિગેરે જીવદયા પર પ્રેરક વાતો કરી હતી. શ્રી પાટણ પાંજરાપોળના ટ્રસ્ટીઓ તથા કાર્યકર્તાઓ પણ આ પ્રસંગે ખાસ મુંબઈથી પધાર્યા હતા. શ્રી પાટણ પાંજરાપોળમાં આ પ્રમાણે ઘાસના દાનનો પ્રવાહ ચાલુ રહે એ આશા સાથે કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી.


**ફક્ત પાટણના જૈનો માટે**

**મરીનડ્રાઈવ પાટણ બિલ્ડીંગમાં જુના ભાડાના**

**૫૦૦ સ્કે.ફીટના ફ્લેટો વેચવાના છે.**

**ભરતભાઈ મંત્રી**

**૭૮/૨૯, મરીનડ્રાઈવ, ત્રીજે માળે, મુંબઈ – ૪૦૦૦૨૦**

**Contect : 9322378035**

ADVT

# મન હોય તો માળવે જવાય
# A will will find a way

સામાન્ય માનવી માટે આઝાદીનો સુર્વણ દિવસ એટલે રવિવાર. જ્યારે રોજિંદા કામકાજમાંથી નિવૃત્તિ, આરામ, આનંદ, કુટુંબમિલન, સ્નેહીજનનો સથવારો અને અધૂરા ફુરસદનાં કામ કરવાના હોય છે. આવા એક રવિવારની સલુણી સવારે મને મારા સ્કુલ મિત્ર વિમળનો ફોન આવ્યો. સુરેશ, ગુડમોર્નીંગ, હું સ્કુલ મિત્ર વિમળ મારે તને મળવું છે. હું સવારના ૧૧ વાગે આવું ? અમો સાંજના પાછા અમારા ભાવનગર ઘરે જવું છે, સારુ જરૂર આવો જરૂરીથી મારા ઘરે જ જમવાનું રાખજો. આપણે તીખી તમ તમતી સેવ જેવી, ગળ્યા ગુલાબજાંબુ જેવી ગપસપ અને શૈશવના સ્મરણો વાગોળશું.

ફોન મુક્યા પછી હૂં વિચારતો થયો કેમ વિમળ ૪૦ વર્ષ પછી મને મળવા આવે છે, ૪૦ વર્ષમાં ક્યારે પણ મને ફોન નથી કર્યો શું કામ હશે ?

ત્યાં તો વિમળ અને તેના પત્ની આવી ચૂક્યા. અમો બન્ને પ્રેમથી ભેટ્યા અને વાતોએ વળગ્યા. તેના પત્નીએ થેલીમાંથી એક સરસ લેમીનેટેડ પત્ર વિમળને આપ્યો. અને ''વિમળે કહ્યું કે આજે હું જે કંઈ છું એ તારા પત્રના આધારે છું. માટે તારી ખરા દિલથી લાગણી ભર્યો આભાર માનું છું અને પરમ કૃપાળુ ઈશ્વરને પ્રાર્થના કરું છું તને હંમેશા સુખ શાંતિ અને આનંદ આપે.'' એવું તો મેં શું લખ્યું છે. વાંચવા દે.

દિલોજાન દોસ્ત વિમળ,

તારી માંદગીના સમાચાર જાણી અત્યંત દુઃખ મને થયું, પણ તું ચિંતા જરાપણ ન કર. તું ખૂબજ પૂણ્યશાળી આત્મા છે. તેથી તારું દર્દ જરૂરથી સુળીને બદલે સોયે ઉતરી જશે. અને ઈશ્વર ખૂબજ દયાળુ છે તે એક દરવાજો બંધ કરે છે. તો બીજા અનેક દરવાજા ખોલે છે. તું ભાગ્યશાળી છે અને ભગવાનનો ઉપકાર માન કે તને માત્ર ડાબા અંગમાં થયું છે, જે અવનવી શોધથી સારું થઈ જાય છે. એટલું યાદ રાખજે કે દર્દી જો દર્દને વાગોળ્યા કરશે તો દર્દ તેનો પીછો નથી છોડતો માટે દર્દને દર્દ ન સમજતા તેને મિત્ર સમજ જે, રોજિંદા કામકાજમાંથી ફુરસદ ન મળતા આ ફુરસદના સમયમાં વિતેલી જિંદગીના જુના પાસા જોવાના અને નવા પાસા વિચારવાના. અને જિંદગીનું ભવ્ય આયોજન કરવાની તક મળી સમજજે. આ બધુ તુ મનથી ધારીશ તું જરૂર કરી શકીશ, કારણ પ્રભુએ આપણને મગજથી વિચારવાની સમજ આપી છે.

ગાડીનું સ્ટીયરીંગ સહેજ જ ફેરવશુ તો ગાડીની દિશા બદલાઈ જાય છે. રેડિયાનો કાંટો સહેજ જ ફેરવતા સ્ટેશનના ગીત બદલાઈ જાય છે માટે સમજી જજે. કહેવાય છે.

**''કદમ અસ્થીર હોય એને રસ્તો નથી જડતો,**
**પણ અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.''**

ત્યારે હિંદીના એક શાયરે કહ્યું છે,
''જિંદગી ના જીને કા બહાના હૈ,
જિંદગી ના તો શ્વાસો કા ખજાના હૈ.
જિંદગી તો સિંદુર હૈ પૂર્વ દિશા કા,
જિંદગી કામ હૈ નયા સુરજ ઉગાના હૈ.
હજી જિદંગી ઘણી નાની છે, ભર જુવાની છે,
તારા ઉપર તારા કુટુંબની આબાદીનો આધાર છે,
માટે તેમના માટે બોજ ના બનતો.''

આપણને સ્કુલના અંગ્રેજીના ટીચરે પાઠ શીખવાડતા તેના ઘણા બધા દાખલા આપી સમજાવતા કહ્યું, ''A will will find a way''

**''મન હોય તો માળવે જવાય''** આ વાક્યને વાગોળતા એક કવિની સરસ પંક્તિ લખું છું.

''નજર કો બદલો, નજારે બદલ જાયેગા,
સોચ કો બદલો, સિતારે બદલ જાયેગા,
કિસ્તીયાં બદલને કી જરૂર નહીં હૈ,
રાહ કો બદલો કિનારે બદલ જાયેગા.''
એક અંધેરા લાખ સિતારા.
એક નિરાશા લાખ સહારા..
સબસે બડા ઉપહાર હૈ જીવનકા.
આવડે મહેકાવતા તો જિંદગી ગુલઝાર છે,
ઓળખો તો રોશની, ના ઓળખો તો અંધાર છે.

બાળપણની દિલની લાગણીથી ઘણું બધુ લખ્યું છે તો મને માફ કરજે. તડપ રહા હું તને નવી જ પ્રગતિમય જિંદગીમાં.

**લિ.**
**સુરેશ ચૌધરી**

''સુરેશ આ તારા કાગળના શાંતિદાયક અદભુત બળ ધરાવતા અમૃત જેવા અને ક્રિયાશીલ શબ્દો વાંચી મારા જીવનમાંથી દુઃખના વાદળો ઓછા થયા. ખરેખર તારા કાગળના શબ્દોએ મને અગણિત 'શક્તિ આપી છે અને હું અદ્‌ભુત પ્રગતિના પંથે ચડી ગયો. હું આજે ભાવનગરમાં મકાનો બનાવું છું મારો એક પુત્ર અને એક પુત્રી અમેરીકામાં છે અને બન્ને સુખી છે.'

તું ભાવનગર ક્યારે આવીશ જરૂરથી આવવાનું રાખજે આપણે સાથે જ રહીશું અને અગણીત મઝા અને આનંદનો સંતોષ માણીશું. તું કહીશ ત્યાં બહાર ફરવા જઈશું જાત્રા કરવા પણ જઈશું.

વિમળને મળીને મને કંઈ કર્યાનો આત્મસંતોષ થયો. અને મનોમન વિચારતો થયો શબ્દોની શક્તિ અગણિત છે. પ્રેરણાદાયક - ઉત્સાહપૂરક માયાળુ શબ્દો કદી નકામાં જતાંજ નથી. તે છૂટા છવાયા વેરાયેલા બી ની જેમ ઊગી નીકળે છે અને સર્વત્ર મધુરમ પ્રવ્રત્તે છે.

❑ **શ્રી સુરેશભાઈ સરુજમલ ચોધરી.**

## સંસ્થા સમાચાર

❑ **શ્રી પાટણ વર્ધમાન તપ આયંબિલ સંસ્થા** એ દાન યોજનાઓમાં નીચે મુજબ ફેરફાર કરેલ છે.

**આયંબિલ કાયમી તિથી** રૂા. ૫,૦૦૦/-
(નીચે દર્શાવેલ પર્વ તિથીઓ સિવાય)

**આયંબિલ કાયમી તિથી** રૂા. ૮,૦૦૦/-
(સુદ ૫, ૮, ૧૪ વદ ૮, ૧૪)

**કાયમી ફંડ - ફોટો યોજના** રૂા. ૨૧,૦૦૦/-
(અમલ તા. ૧-૭-૨૦૧૭ થી)

**શાશ્વતી આયંબીલની ઓળી** - એકના રૂા. ૫૦,૦૦૦/- (ડિપોઝીટ)

**નોંધ** - સંવત ૨૦૮૦ સુધીની ઓળીઓ માટેના દાતાઓના નામ નોંધાઈ ગયેલ છે.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ - મુંબઈ - ૦૯૩૨૨૨૨૫૦૭૨ મેનેજર પાટણ - ૦૯૪૨૬૮૮૦૧૪૧

❑ **બોરીવલી - દહિસર પાટણ જૈન મિત્ર મંડળ**

**મોનશુન સંગીત પ્રોગ્રામ.** સભ્ય પરિવારના ફક્ત સિનિયર સીટીઝન માટે દિનાંક ૨-૭-૨૦૧૭, રવિવાર બપોરે ૨ થી ૫ પાટણ જૈન મંડળ હોલ, એ-૨૩, રતન નગર, બોરીવલી આયોજીત પ્રોગ્રામમાં આવવા ઈચ્છનાર સિનિયર સીટીઝને રૂા. ૧૦૦ ભરી પોતાના નામ નોંધાવી લેવા. જેઓના ૨૦૧૭-૧૮ના વર્ષના લવાજમની રકમ બાકી હોય તેઓએ તુરત જ ભરપાઈ કરવા વિનંતી. **સંપર્ક સૂત્રઃ** મયુર શાહ : 9819965004 નિમીષ શાહ : 9821242511

❑ **ઐતિહાસિક ધર્મ નગરી પાટણમાં,** શ્રી પંચાસરા પાશ્વનાથ જિનાલયની ૬૨ મી (બાસઠમી) સાલગીરી પ.પૂ.આ. ભગવંત જગ્ગચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ભવ્યરીતે, ભક્તિ, ભાવના સાથે ઉમંગભેર ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે બન્ને દિવસે શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રભુજીની નયનરમ્ય અંગ રચના કરવામાં આવી હતી. પ્રસંગને અનુલક્ષીને જેઠ સુદ ચોથના રોજ, શ્રી પંચાસરા પાર્શ્વનાથજી, શ્રી મહાવીર સ્વામીજી અને શ્રી ચંદ્ર પ્રભુસ્વામીજીના ચઢાવા બોલી અઢાર અભિષેક તથા ભમતીની એકાવન દેરીઓનો દાતા પરિવારજનો તેમજ ઉપસ્થિત અન્ય શ્રાવક શ્રાવિકાઓ દ્વારા અઢાર અભિષેક કરવામાં આવેલ. રાત્રે ભાવનામાં ૧૦૮ દીવાની આરતી કરાઈ હતી.

જેઠ સુદ પાંચમના રોજ સવારે ૯ વાગે પ્રભુજીની અષ્ટ પ્રકારી પૂજા, સત્તરભેદી પૂજા અને ૯મી પૂજામાં જિનાલયના ૫૧ દેરીઓ તથા શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રભુજીની ધજા ચઢાવાઈ હતી. મૂળનાયકની ધજાનો ચઢાવો ૧૩૦૪૨૩ મણ થયેલ. સાલગીરીના દિવસે મુંબઈ અને અન્યત્ર સ્થળેથી પધારેલ મહામાનો તથા આમંત્રીત મહાનુભાવોનું સ્વામીવાત્સલ્ય શ્રીમતી જાસુદબેન મફતલાલ વાડીલાલ ધાયણોજ વાળા પરિવાર તરફથી યોજવામાં આવેલ.

❑ **સુરત ખાતે પંન્યાસ પદ પ્રદાન સમારંભ** પાટણ મહાલક્ષ્મી માતાના પડાના શ્રીમતી મધુબેન પ્રવિણચંદ્ર શાહના સંસારી પુત્ર તથા પૂ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના ૧૦૮માં શિષ્યરત્ન પૂ. શ્રી હિતરત્નવિજયજી મ.સા. ને સુરત ખાતે શ્રી છાપરીયા શેરી સંઘ દ્વારા સર્વ આગમોના અનુજ્ઞાસ્વરૂપ પંન્યાસપદ પ્રદાન કરવામાં આવ્યું હતું.

૩૧ વર્ષનો દીક્ષા પ્રયાય ધરાવનાર શ્રી હિતરત્ન વિજયજી મહારાજને પંન્યાસપદવી પૂ. શ્રી નરચન્દ્ર સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં આનંદભર્યા વાતાવરણમાં મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જોધપુર, હાલોલ તેમજ મુંબઈથી અનેક પરિવારોહાજર રહ્યા હતા.

## ટૂંક સમાચાર

ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ્સ મુંબઈએ તાજેતરમાં ''એક્ષપોર્ટ અને ઈમ્પોર્ટના રેગ્યુલેશન ઉપર એક પુસ્તકનું ઈ-પબ્લીકેશન કર્યું છે. જે પુસ્તક : http://ctconline.org/index.php/publications/ other - publication/ 1153 - regulations - relating-to-import - to and - export - from - India ની લીંક ઉપરથી વાંચી શકો છો.

આ પુસ્તકના લેખક લીમડીના પાડાના શ્રી અજીત જયંતિલાલ શાહ છે. જેઓ એક્ષપોર્ટ - ઈમ્પોર્ટના ક્ષેત્રમાં વર્ષોથી નિષ્ણાંત તરીકે કાર્યરત છે. તેઓ આ અંગેની ટ્રેનીંગ પણ આપે છે.


**મકાન વેચવાનું છે**
**ઝવેરી વાડો - ઘીવટામાં**
**સંપૂર્ણ હવા - ઉજાસવાળુ - ગ્રાઉન્ડ પ્લસ બે માળ.**
**મોકાની જગ્યાએ, બન્ને દેરાસરની નજીક**
**પ્રકાશભાઈ અમૃતલાલ શાહ**
**Contect : 9427889030**
ADVT



**જૈન સંઘો, વૈયાવચ્ચ સંસ્થા ભાગ્યશાળી પરિવારોએ લાભ લેવા માટે અમૂલ્ય તક**

ઘરડા, બીમાર વિહાર ન કરી શકે તેમજ દવાદારૂનો કોર્સ કરવા Specilist Doctor ને કોન્ટેક્ટ કરવા Pathology તથા અન્ય Reports કઢાવવા તેમજ Post Surgery Treatment માટે રોકાવા આખા ગુજરાતમાંથી અમદાવાદ પધારતા પૂ. સાધવીજી મ.સા. ને ખૂબ જ ઉપયોગી થાય એવો બંગલો વેચવાનો છે.

અમદાવાદ, પાલડી, ભગવાન નગરનો ટેકરો જ્યાં આજુબાજુ (૫) જૈન મંદિર છે, તેમજ આજુબાજુ જૈનોના બંગલોઓ છે, કાયમી આયંબિલ શાળા ૧૦ જ મિનિટના અંતરે છે.

(1) Plot Area : 635 sq. Yrds (2) Built Area : 7500 sq.ft
(a) Basement, G.Flr, 1st Flr, 2nd Flr
(b) કેર ટેકર પરિવારના સભ્યો ત્યાં રહી શકશે.

Contact : 8369506916 (No Broker Please)
ADVT

## સાભાર સ્વીકાર

**શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ ફેમીલી ફ્લોટર પ્રિમિયમ ફંડ**

૬,૯૫,૦૦૦/- શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ પરિવાર (કનાસાનો પાડો)

**પાટણ શતાબ્દિ ગૌરવ ફંડ (રત્ન સ્થંભ દાતા)**

૫,૦૦,૦૦૦/- શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ (કેશુશેઠનો પાડો)

**શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ કોરપસ ફંડ**

૫,૦૦,૦૦૦/- શ્રી મહાસુખભાઈ પોપટલાલ શાહ (વાસુપુજ્યની શેરી) પાટણ રત્ન એવોર્ડથી વિભુષિત થયાની ખુશાલીમાં

**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૨૫,૦૦૦/- શ્રી જ્યોતિષભાઈ બચુભાઈ શાહ (સંઘવીનો પાડો) ચિ. દર્શાબેન જ્યોતિષભાઈ શાહના આત્મશ્રેયાર્થે

૨૫,૦૦૦/- શ્રી મનિષભાઈ લાલભાઈ શાહ સ્વ. શ્રી બિરેન સુરેશચંદ્ર શાહના સ્મરણાર્થે (મારફતિયા મહેતાનો પાડો) હ. શ્રીમતી બિનલબેન મનીષભાઈ શાહ

**સમાજ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રી ભરતભાઈ લક્ષ્મીચંદ શાહ (કોકાનો પાડો) હ. શ્રીમતી રાગિણિબેન અને શ્રી ચિરાગભાઈ ભરતભાઈ શાહ તથા શ્રીમતી પુજા ચિરાગભાઈ શાહ

**દવા સહાય ભેટ**

૫,૦૦૦/- શ્રી રશ્મીકાંતભાઈ કાંતિલાલ દામાણી, અમદાવાદ

**દવા સહાય ભેટ / શિક્ષણ સહાય ભેટ**

૧૦,૦૦૦/- શ્રી ચંદ્રકાંતભાઈ મનસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો) સ્વ. શ્રીમતી તરૂલતાબેન ચંદ્રકાન્તભાઈ શાહની બીજી પુણ્યતિથિ નિમિત્તે.

**હેલ્થકેર સાધન ભેટ**

૫,૦૦૦/- શ્રીમતી વિમળાબેન કાંતિલાલ શાહ (ખેતરવસી, મહાદેવાજીની શેરી)

૫,૦૦૦/- શ્રીમતી અરૂણાબેન જૈન

૫,૦૦૦/- શ્રી મહેન્દ્રભાઈ શાહ

**વૃદ્ધજન સહાય ભેટ**

૫,૫૫૫/- શ્રી નવીનચંદ્ર મોહનલાલ શાહ (મલ્લાતનો પાડો) શ્રી પ્રવીણચંદ્ર એન. શાહ મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે ૨૦ વર્ષ પૂર્ણ કરી કાયમી સભ્ય થયા તેની ખુશાલીમાં.

## પૂર્વ પ્રાથમિક શિક્ષણ સહાય - સવલત

જગતભરમાં શિક્ષણનો વ્યાપ સતત વધતો જતો હોય જેના પાયારૂપે પ્લેગ્રુપ, નર્સરી, જુનિયર અને સિનિયર કેજી જેવા અભ્યાસક્રમોના શિક્ષણના વધતા જતાં શૈક્ષણિક ખર્ચાઓ માટે સમાજના છ વર્ષ સુધીના ઉપરોક્ત અભ્યાસક્રમોમાં જોડાયેલ બાળકોને શિક્ષણ ફીમાં સહાયભૂત થવાની ભાવના સાથે પ્રાપ્ત થયેલ સખાવતના પરિણામે **શ્રી મૌલિક - દિવ્યબાળા નવીનચંદ્ર શાહ પૂર્વ પ્રાથમિક શિક્ષણ સહાય ફંડ** હ. શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ, સાકાર થવા પામેલ છે. સમાજના આર્થિક જરૂરિયાતવાળા બાળકોના પરિવારોએ મંડળના કાર્યાલયમાંથી 'અરજીપત્રક' મેળવી, ભરીને આપવાથી ફી માં સહાય આપવામાં આવે છે.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**


PATOLA OF PATAN PVT. LTD
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

Tel (91-2766) 232172 / 222182
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT


## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| સાલવી | સાલવી વાડો | નવીનચંદ્ર માધવલાલ સાલવી | ૯૦ | પાટણ | ૧૧-૦૪-૧૭ | ચૈત્ર સુદ-૦૮ |
| વિશા શ્રીમાળી | સંઘવીનો પાડો | દર્શાબેન જ્યોતિષભાઈ શાહ | ૩૯ | અંધરી | ૨૩-૦૫-૧૭ | વૈશાખ વદ-૧૨ |
| દશા ઓસવાલ | ખજૂરીનો પાડો | વિનોદભાઈ અમૃતલાલ શાહ | ૭૮ | ગ્રાન્ટરોડ | ૨૫-૦૫-૧૭ | વૈશાખ વદ-૩૦ |
| વિશા પોરવાળ | લખિયાર વાડો | બાબુલાલ કરસનલાલ વોરા | ૮૭ | ગોવાલિયાટેન્ક | ૨૬-૦૫-૧૭ | જેઠ સુદ-૦૧ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | વિરેન્દ્રભાઈ ભગવાનદાસ નગરશેઠ | ૭૧ | મરીનડ્રાઈવ | ૨૮-૦૫-૧૭ | જેઠ સુદ-૦૩ |
| વિશા શ્રીમાળી | ખજૂરીનો પાડો | નવીનચંદ્ર જીવાચંદ શાહ | ૮૨ | ચાચરિયા | ૩૦-૦૫-૧૭ | જેઠ સુદ-૦૫ |
| દશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | વૈશાલીબેન વિદ્યુતભાઈ શાહ | ૬૫ | વિલેપાર્લા | ૦૫-૦૬-૧૭ | જેઠ સુદ-૧૧ |
| વિશા શ્રીમાળી | ખેતરવસી-શામળાજીની શેરી | મેહુલભાઈ મહેન્દ્રભાઈ શાહ | ૫૭ | પ્રાર્થનાસમાજ | ૦૬-૦૬-૧૭ | જેઠ સુદ-૧૨ *+ |
| વિશા શ્રીમાળી | તંબોલી વાડો | હર્ષદભાઈ ચંદુલાલ શાહ(સુતરીયા) | ૭૧ | નેપયન્સી રોડ | ૧૦-૦૬-૧૭ | જેઠ વદ-૦૧ |

* ચક્ષુદાન કરેલ છે ✸ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

## દુઃખદ નિધન



શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભ્ય, સક્રીય કાર્યકર અને **પાટણના નગરશેઠ શ્રી વિરેન્દ્રભાઈ ભગવાનદાસ** (મણીયાતી પાડો)નું રવિવાર, તા. ૨૮-૦૫-૨૦૧૭ ના દિને ૭૧ વર્ષની વયે થયેલ દુઃખદ અવસાનની સખેદ નોંધ લેતાં, મંડળ અને સમાજે દુઃખ અને શોકની લાગણી અનુભવી છે.

શ્રી વિરેન્દ્રભાઈ, શ્રી પાટણ જૈન મંડળમાં સને ૧૯૯૮થી જોડાઈ મંડળની વ્યવસ્થાપક સમિતિમાં ૨૦ વર્ષ સુધી સેવાઓ પ્રદાન કરી હતી. સાથોસાથ મંડળની પાટણ ખાતેની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લઈ ઉપયોગી સૂચનો અને માર્ગદર્શન આપતા હતા. સને ૨૦૦૬-૦૭ થી ૨૦૦૮-૦૯ના ત્રણ વર્ષ સિદ્ધહેમ જ્ઞાનપીઠ સમિતિ તથા સને ૨૦૦૧-૦૨ થી ૨૦૦૩-૦૪ તેમજ ૨૦૦૯-૧૦ થી ૨૦૧૩-૧૪ સુધીના ૯ વર્ષ પાટણ ખાતેના શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ સમિતિના માનદ્‌મંત્રી પદે રહ્યા હતા. ઉપરાંત મંડળની વિવિધ સમિતિઓમાં સભ્યપદે રહી તેના સર્વાંગી ઉત્કર્ષમાં અમૂલ્ય ફાળો આપેલ.

મૂળ મોતી તથા હીરાના વ્યાપારી એટલે માણસ પારખવાની તેમની કુનેહ ગજબની હતી, દયાળુ સ્વભાવના પરિણામે મુંબઈ કે પાટણ ખાતે કોઈપણ જરૂરતમંદ વ્યક્તિને આર્થિક મદદ કરવામાં હંમેશા ઉદારતા રહી હતી. શ્રી વિરેન્દ્રભાઈના આનંદી અને હસમુખા સ્વભાવના પરિણામે તેઓ સૌના મિત્ર બની રહેવામાં સફળ રહ્યા હતા અને બહોળો મિત્ર વૃન્દ ધરાવતા હતા.

સદ્‌ગત શ્રી વિરેન્દ્રભાઈ, મણીયાતી પાડો, શ્રી પંચાસરા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ, પાટણ ભોજનશાળા, પાટણ પાંજરાપોળ જેવી અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી, હોદ્દેદાર કે સભ્ય પદે રહી તેના વિકાસમાં તન, મન, ધનથી સહાયક રહ્યા હતા.

પાટણ ખાતે નૂતન વિદ્યામંદિરના પ્રાથમિક વિભાગને શ્રીમતી પ્રેમીલાબેનનું નામ આપવાની શરતે દાન આપી શૈક્ષણિક પ્રવૃત્તિઓને પણ તેમણે પ્રોત્સાહન પૂરું પાડેલ. જેઠ સુદ ૫ની પંચાસરા પાર્શ્વનાથ દાદાની સાલગીરી પ્રસંગે તેમજ પાટણના અન્ય ધાર્મિક પ્રસંગોમાં 'નગરશેઠ' તરીકે તેમની હાજરી અવશ્ય રહેતી, આમ નગરશેઠ તરીકેનું બિરુદ સાર્થક કર્યું હતું. પાટણના 'નગરશેઠ' તરીકેની સન્માનનિય પ્રતિષ્ઠા તેઓએ છેલ્લે સુધી જાળવી રાખી હતી.

આવા માયાળુ સ્વભાવના શ્રી વિરેન્દ્રભાઈના અવસાનથી તેમના વિશાળ પરિવારજનોના માથેથી છત સરી ગયાનો અહેસાસ છે, દુઃખમય સમયમાં શ્રી પાટણ જૈન મંડળના સર્વે હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો દુઃખની લાગણી અનુભવે છે, અને આદર સાથે ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતશ્રીના આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.

## અનુમોદના ''અવયવ દાન''ની



બ્રેઈન ડેડ હોય પણ હાર્ટ ચાલુ હોય તેવા અસામાન્ય સંજોગોમાં પૂર્વ તૈયારી કરી ડૉક્ટરો મૃતકના અવયવો જેવા કે લીવર, કીડની, હાર્ટ, આંખ વિગેરેનો સદ્‌ઉપયોગ કરી એકજ વ્યક્તિના અવયવો જુદા જુદા દર્દીઓ પર પ્રત્યારોપણ કરીને નવજીવન બક્ષી શકે છે.

આપણા સમાજના શ્રી મહેન્દ્રભાઈ હીરાલાલ શાહ (ખેતરવસી-શામળાજીની શેરી)ના સુપુત્ર **શ્રી મેહુલભાઈનું** ૫૭ વર્ષની વયે તા. ૬-૬-૨૦૧૭ના અચાનક, આકસ્મિક અવસાન થયું. મેહુલભાઈને HN રિલાયન્સ હૉસ્પિટલમાં દાખલ કરેલા. બ્રેઈનડેડ પતિ બચવાના એક ટકો પણ ચાન્સ નથી એની જાણ તેમના પત્ની અર્ચનાબહેનને ડૉક્ટરોએ કરી હતી. વધુમાં જણાવ્યું હતું કે કુટુંબીજનોની સંમ્મતિ હોય તો મૃત્યુ પછી મેહુલભાઈના અવયવો અન્ય દર્દીઓને ડોનેટ કરી તેમને જીવનદાન આપી શકાય. **પત્ની અર્ચનાબેને** તથા **પિતાશ્રી મહેન્દ્રભાઈએ** વિના વિલંબે કઠણ કાળજે અંગદાન કરવાનો નિર્ણય લીધો. તેમના આ નિર્ણયને તેમની **પુત્રીઓ ફોરમ તથા ખ્યાતિએ સમર્થન આપ્યું.** HN રિલાયન્સ હૉસ્પિટલે અન્ય હોસ્પિટલોનો સંપર્ક કરી કોને કયા અવયવોની જરૂર છે એની માહિતી મેળવી. મેહુલના હાર્ટ, કીડની, લીવર ને આંખોનું દાન કરી ૬ જણને જીવન દાન આપ્યું. HN રિલાયન્સ હૉસ્પિટલ તેમજ મુંબઈની અનેક સંસ્થાઓએ તેમજ અખબારોએ મેહુલભાઈના કુટુંબીજનોના આ દ્રષ્ટાંતરૂપ દાનના નિર્ણયની અનુમોદના કરી છે.

આપણા સમાજમાં સામાન્યતઃ મૃત્યુ પછી ચક્ષુદાન કરાય છે. વિજ્ઞાનની પ્રગતિ સાથે હવે મૃત્યુના થોડા કલાકો સુધીમાં ચામડીનું દાન પણ થઈ શકે છે, જેથી દાઝી ગયેલ દર્દીઓને આ ચામડી ઉપયોગી થઈ શકે.

જીવન છે તેનું મૃત્યુ અફર જ છે છતાં સમાજમાં આ પ્રકારના આકસ્મિક અવસાન જવલેજજ થાય છે. તેવા સંજોગોમાં આટલા અવયવો દાનમાં આપવા તત્પરતા દાખવનાર સમસ્ત પરિવાર વંદનને અધિકારી છે.

સદ્‌ગત મેહુલભાઈના નિધનથી તેમના પરિવારજનોને એક ન પુરાય તેવીખોટ રહેશે, જેનું દુઃખ જીરવવાની પરમાત્મા અસીમ શક્તિ આપે તેવી શ્રી પાટણ જૈન મંડળના સર્વે હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોની પ્રભુ પ્રાર્થના.

સદ્‌ગત શ્રી મેહુલભાઈના આત્માને ચિરઃ શાંતિ પ્રાપ્ત થાય એવી શાસનદેવને પ્રાર્થના.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2017.
PATAN PRATIBIMB ● June 2017 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

SOMIRA

PATAN Premier League PPL

# PATAN PREMIER LEAGUE CRICKET TOURNAMENT

*Sponsored by :*

**SOMIRA DIAM. PVT. LTD.**

**By SONAL SANDEEP SHAH & KAUSHAL JANAK SHAH**

**Shree Patan Jain Mandal Sports Committee,** is first time introducing a cricket tournament on the lines of Indian Premier League (IPL). All the details of this event are available online. The whole tournament is conceptualized with a very precise and detailed format. The players who wish to participate should register themselves Online. The forms with Terms and Condition are available on Mandal's **website i.e. www.patanmandal.org.** It is mandatory to fill the forms with complete details Online on or before 20$^{th}$ Sept. 2017. The Photograph needs to be submitted along with registration fees of Rs. 1000/- and refundable deposit of Rs. 1500/- (Total 2500/-)in the PJM Offices at below mentioned address :

**MARINE DRIVE :** HO, 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai 400020, Phone: 22811346
Time : 11 am to 6 pm

**GOREGAON :** Roopam, 152 Jawahar Nagar, Goregaon (W) Mumbai 400062, Phone: 28776090
Time : 9.30 am to 12.30 and 4 pm to 6.30 pm

**BORIVALI :** A-23/1, Ratan nagar, D. N Dube Marg, Borivali (E), Mumbai 400068, Phone: 28911308
Time : 9.30 am to 12.30 and 3.30 pm to 6.30 pm

***Last date for Registration and Submission online on or before 20$^{th}$ Sep. 2017.***

**For if any queries please contact**

Kamleshbhai Shah 9820045595

Punit Shah 9821734331

Bhavesh Shah 9820838667

**Tentative Programs for Forthcoming Months**

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Program** | Sun | 13-Aug | Shravan V 6 | 10 am | Hindi Vidhya Bhavan Marine Drive | **Vyakhyan** |
| 2 | **Soc & Eco Upliftment** | Sun | 10-Sept | Bhadarva V 5 | 10 am to 8 pm | Sahara Star, Vile Parle(E) | **Trade Fair** |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,